# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦ અંક : ૨૪૮



પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

**Jai Jinendra**

**The Finance Minister, Arun Jaitely, has presented the Annual Budget and it is a very extensive budget. The country has, over the last 50 years gone through a big population growth and whatever developmental work has been done, has not shown result. Correction has played a big role in not setting the country grow the way it should.**

**Prime Minister, Sri Modi, has taken steps to curtail black money economy and this will affect the small traders and business men, who did not do business by paying taxes very badly.**

**The time has come to change and adopt new methods to run our business and to grow, if at all we have to survive in times to come, please plan extensively and wish everyone a prosperous future.**

## કચ્છી ભવન બુકીંગ અંગે :

**નોન મેમ્બરની ભવન બુકીંગ હમણાં સુધી ૯૦ દિવસે કન્ફર્મ થતી હતી જે તા. ૧-૪-૨૦૧૬ થી અમલમાં આવે એ રીતે ૧૨૦ દિવસે કન્ફર્મ કરવાનું તા. ૨૫-૧-૨૦૧૬ની મંડળના ટ્રસ્ટબોર્ડ તથા કારોબારીની સંયુક્ત સભા ક્રમાંક ૯ માં સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે જેની મંડળના સભ્યોએ નોંધ લેવા વિનંતિ.**

**- માનદ્ મંત્રી**

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org., http://www.asanjokutch.com**



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- કારોબારી સમિતિમાં ખાલી પડેલ એક બેઠક માટે તા. ૨૭-૨-૨૦૧૬ ની કારોબારી સભા ક્રમાંક ૧૦માં સર્વાનુમતે શ્રી સુંદરજી રતનશી નાગડા (ગામ-સણોસરા) ને નિયુક્ત કરવામાં આવેલ છે.
- તા. ૨૬-૧-૨૦૧૬ ના માનવમિત્ર સમિતિ દ્વારા અનુરાગ હ્યુમન સર્વીસ સંસ્થાના બાળકો સાથે ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- તા. ૨૬-૧-૨૦૧૬ ના શાંતિ સ્કુલનાં પ્રાંગણમાં ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- રૂા. ૮૦,૦૦૦/- નો અનુદાન શ્રી ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા મળેલ છે. ખૂબ-ખૂબ આભાર.
- રૂા. ૩૧૦૦/- નો અનુદાન લગ્ન પ્રસંગે શ્રી જીતેશ ધીરજલાલ શાહ તરફથી મળેલ છે. ખૂબ-ખૂબ આભાર.
- ફેમીલી મેડીકલ ઈન્વેસ્ટીગેશન માટે નવા કાર્ડ ભવનની ઓફીસમાં સવારનાં ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી પ્રાપ્ત કરી લેવા. જુના કાર્ડ પાછા લઈ આવવા વિનંતી છે.



## શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા
## સાદાઈ-લગ્ન પ્રોત્સાહન યોજના



મંડળના સભ્ય પરિવારોમાંથી કોઈપણ સભ્યને લગ્ન-પ્રસંગને સાદાઈથી ઉજવવા માગતા હશે તેમને મંડળના ઉપલબ્ધ હોલમાં બને પક્ષ તરફથી ૫૧-૫૧ વ્યક્તિઓની હાજરીમાં રૂા. ૧૦૦૧ મંડળમાં ભરી કરાવી શકશે. ભોજનની વ્યવસ્થા પણ મંડળ તરફથી રહેશે તેમજ અન્ય કોઈપણ ચાર્જ લેવામાં આવશે નહિં.

મંડળના સભ્ય પરિવારોને નમ્ર વિનંતિ છે કે આ યોજનામાં સહભાગી થઈ પરિવારના લાખો રૂપિયાની બચત પોતાના પરિવારના વ્યવસાય કે અન્ય ઉત્થાન ક્ષેત્રે લગાડી ખુશહાલી લાવી શકે, અને સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસાડી શકે.

વધુ માહિતી માટે સંપર્ક : માનદ્ મંત્રી : પ્રેમચંદ કેશવજી છેડા-૯૩૪૬૦ ૫૪૬૬૦,
સહમંત્રી : દિનેશ કલ્યાણજી ગોસર - ૯૨૪૬૧ ૯૯૦૧૧



ચીરૂણા હર્ષદ સોની
સુપુત્રી : દેવચંદ ભવાનજી ગાલા
નાના આસંબીઆ (હૈદરાબાદ)



### સ્નેહાંજલિ

ન જાણ્યુ જાનકી નાથે, પળવારમાં શું થઇ ગયું...
કાળનો ક્રુર પંજો ક્ષણવારમાં સ્વપનભંગૂર કરી ગયો...
સૌમ્ય સ્વભાવી બંનેનું જીવન અકાળે માટીમય થઇ ગયું...
ઝંઝાવાતી વાવાઝોડું સુરીલા સપનાની રાશિ બદલાવી ગયુ...
યાદ આવશે સદાય તમારો મિલનસાર સ્વભાવ...
આપનો આત્મા પરમ શાંતિ પામે એવી પરમાત્માને પ્રાર્થના...

દિનેશ કલ્યાણજી ગોસર (વિઠ-હૈદરાબાદ) | રિદ્ધીશ રમેશ જાગીરદાર (વિઠ-હૈદરાબાદ)





દુર્લેશ નરેન્દ્ર દેવશી વોરા
ભત્રીજો : મહેન્દ્ર દેવશી વોરા
મુંદ્રા કચ્છ (હૈદરાબાદ)

# સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

હાલમાંજ હૈદરાબાદમાં લગ્નોત્સુક યુવક યુવતીઓનું એક પરિચય મિલનનું આયોજન કરવામાં આવેલ. એક સમય એવો હતો જ્યારે પુત્ર, પુત્રીઓનાં સગપણ કરવા બાબત વાલીઓને કોઇ સમસ્યા નહોતી જણાતી. કોઇ વડીલ મધ્યસ્થી કરતા અને સંબંધો સરળતાથી ગોઠવાઇ જતા. ત્યારે વડીલો કે છોકરા છોકરીઓની ખાસ શરત ન રહેતી. છોકરા-છોકરીઓ સંસ્કારી કુટુમ્બમાંથી હોય તો સંબંધો બંધાઇ જતા. ગામ, ઘર કે ભણતરને મહત્વ ન અપાતું.

જમાનો ઝડપથી બદલાઇ ગયેલ છે. આજના યુવક-યુવતી ઉચ્ચ અભ્યાસ કરે છે, સારો એવો એક્સપોઝર મેળવે છે, તેઓનો આત્મવિશ્વાસ વધેલ છે અને લાઇફ સ્ટાઇલ પણ બદલાઇ ગયેલ છે. લગ્ન પણ હવે પહેલાની જેમ નાની ઉંમરે નથી થતા. બદલાઇ ગયેલ પરિસ્થિતિમાં ઘણા ખરા વાલીઓ હવે પોતાના પુત્ર કે પુત્રી પોતાનો લાઇફ પાર્ટનર પોતે શોધી લે તે માટે માનસિક રીતે તૈયાર છે. પણ યુવક-યુવતી કે તેમના વાલીઓને ક્યાં અને કેવી રીતે તપાસ કરવી તે દુવિધામાં હોય છે.

આ પરિસ્થિતિ દિવસે દિવસે વધતી જાય છે અને તેની અસર આપણે જોઈ રહ્યા છીએ. હવે પાછા કરવું અશક્ય છે. આનો પર્યાય એકજ છે કે સામાજીક સંસ્થાઓ આગળ આવી આવા સંમેલનો પરિચય મિલનો સમય સમય પર યોજે અને લગ્ન-ઉત્સુક યુવક-યુવતીઓને સમાજમાં જ સંબંધો બાંધવાની તક આપે. વાલીઓની પણ જવાબદારી રહે છે કે તેઓ પોતાના પુત્ર-પુત્રીઓને વગર સંકોચે આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે.

# મહિલા સમિતિ

સંચાલિકા : **દર્શના સાવલા**
**ફોન. ૯૦૩૨૭ ૬૭૧૧૧**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિએ Women's Day celebrations - saturday, 5th March 2016 at Kutchi Bhavan, Ramkote, Hyderabad માં પ્રોગ્રામનું આયોજન કરેલ. પ્રોગ્રામ Dancing, Singing, Antakshari નો રાખેલ હતો. પ્રોગ્રામમાં લગભગ ૧૩૦ મહિલાઓએ ભાગ લીધેલ. અંતાક્ષરી પ્રતિયોગીતામાં પ્રથમ ઈનામ શ્રીમતી જયશ્રીબેન ગાલાની ટીમ તેમજ બીજું ઈનામ શ્રીમતી સ્વીટુ શાહની ટીમને મળેલ. Women's Day Celebrations પ્રસંગે શ્રીમતી વિજયાબેન કાપડીયા, વાસંતીબેન પેથડ (શાહ), ભારતીબેન નાગડા, સુષ્માબેન શાહ તેમજ ઉષ્માબેન ગાલા એ પોતાના પ્રાસંગીક વિચારો દર્શાવ્યા. કાર્યક્રમ તેમજ અલ્પાહારનો સર્વેએ આનંદ માણ્યો. કાર્યક્રમનું સફળ સંચાલન - દર્શના સાવલા, સ્વેતા જાડેજા, કુસુમ રાંભીયા, કરિષ્મા મોતા, નીશા કાંકરેચાએ કરેલ.



***જોઈ તમારી સફળતા, અમારા મુખ પર આનંદથી છલકે સ્મિત***
***સફળતાના શિખરો કરજો સર... એજ અંતરની અભિલાષા***
શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદરાબાદ મહિલા સમિતિ સંચાલક
**શ્રીમતી દર્શના પંક્તિ સાવલા** ને નારી શક્તિ પુરસ્કાર ૨૦૧૬
એનાયત થતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.
આ એવોર્ડ પ્રાપ્તિથી સમગ્ર કચ્છી સમાજનું નામ રોશન થયું છે
જેની અમને ગૌરવ છે.... **જયા રમેશ જાગીરદાર, ઈંદિરા દિનેશ ગોસર**
(જા.ખ.)

## લોડાયા નુખમાં સચ્ચાઈ માતાજી ને નમતા ભાવિકોની પહેડી....

પહેડીનો
શુભદિવસ
તા. ૧૫-૪-૨૦૧૬
ચૈત્ર સુદ ૯
શુક્રવાર

ક્યા ક્યા ગામે માડી તમને લખવી રે કંકોતરી
માડી તારા ધામ છે હજાર માં સચ્ચા માવડી...
કંકુનાં છાંટણા મોતીનાં ચોક પુરાશે
આપની ભક્તિ થાશે નૈવેદ્યનાં થાળ ધરાશે માં....

પહેડીનું
શુભ સ્થળ
શ્રી કચ્છી ભવન
રામકોટ,
હૈદરાબાદ

**કાર્યક્રમ**

માતાજીનું સામૈયું તથા સ્થાપના .............................. ૯.૩૦ કલાકે
માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસ ગરબા .. ૧૦.૦૦ કલાકે
ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી ...... ૧૨.૦૦ કલાકે
માતાજીને પ્રસાદ થાળ જુવારવાનું ......................... ૧૨.૧૫ કલાકે
માતાજી ની પ્રસાદી (પ્રીતીભોજ) .......................... ૦૧.૦૦ કલાકે

નિવેદન : આ પ્રસંગે લોડાયા નુખનાં સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ છે.

ખાસ નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. કાળા વસ્ત્ર પહેરી આવવાની સખ્ત મનાઈ છે.

માણેકજી ઘેલાભાઈ લોડાયા ૯૦૩૦૦ ૯૦૮૯૯
ખુશાલ વાલજી લોડાયા ૯૮૪૯૦ ૦૨૪૧૧
મણીલાલ ખીમજી લોડાયા ૯૨૪૬૩ ૯૧૬૫૮
લહેરચંદ ટોકરશી લોડાયા ૯૨૪૬૫ ૩૧૦૬૬
રિદ્ધીશ રમેશ લોડાયા ૯૮૪૯૯ ૮૮ ૯૯૯

(જા.ખ.)

# શ્રી રામદેવ બાબા (ધણી બાબા)નું સામુહિક પાઠ

સવિનય જણાવવાનું કે પ્રતિવર્ષ અનુસાર આ વર્ષ પણ **ધણી બાબાનું સામુહિક પાઠ તા. ૮-૪-૨૦૧૬ શુક્રવારના રોજ સમય સાંજના ૫.૩૦ કલાકે, સ્થળ : કચ્છી ભવન**માં રાખવામાં આવેલ છે.

સર્વે ધણીબાબાને નમતા ભાવિકો સપરિવાર તથા નીયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ આમંત્રણને સ્વીકારીને સમયસર પધારજો. ફોનની વાટ ન જોતા આ કાર્યક્રમમાં દર્શન ભજનનો આનંદ માણશો અને પાઠ પછી પ્રસાદીનું લાભ લેવા વિનંતી.

**નિવેદક : શ્રી રામદેવ બાબા (ધણી બાબા) ભક્તિ મંડલ, હૈદરાબાદ**

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રીમતી રૂક્ષમણીબેન કેશવજી સાવલા (મુંબઈ) સ્વ. દુર્લેશ નરેન્દ્ર વોરાના સ્મર્ણાર્થે | ૧૫૦૦ | ૧૫૦૦ | ૨ | ૧૧૦૦ | - | - |
| શ્રીમતી અંકિતા ઉમેશ વોરા ચિ. દુર્લેશ નરેન્દ્ર વોરાના સ્મર્ણાર્થે | - | ૧૧૦૦ | - | - | - | - |
| શ્રીમતી જૈનલ દીપન રાંભીયા સ્વ. દુર્લેશ નરેન્દ્ર વોરાના સ્મર્ણાર્થે | - | ૫૦૦ | - | - | - | - |
| શ્રીમતી સેજલ દુર્લેશ વોરા | - | ૧૧૦૦ | - | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | - | ૧ | - | - | - |
| શ્રીમતી મણિબેન પ્રેમજી ગોગરી | - | ૧૦૦૧ | - | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી લગ્નની વર્ષગાંઠ નિમિત્તે | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| માતુશ્રી તરલાબેન ભીમશી સાવલાની પુણ્યતિથી નિમિત્તે | - | - | ૨ | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | - | ૨ | - | - | - |
| શ્રીમતી મણિબેન ગાંગજી પ્રેમજી ગડા | - | ૩૦૦ | - | - | - | - |
| આશરીયા બી. માલદે પુણ્યતિથી નિમિત્તે | - | ૨૫૦ | - | - | - | - |
| શ્રી પદમ હરીયા | - | ૭૦૦ | - | - | - | - |
| શ્રી યોગશે ચાવડા | - | ૫૦૦ | - | - | - | - |
| સાવલા ભાવિક મંડળ | - | ૨૦૦૦ | - | - | - | ૨૬૫૦ |

૧) છેડા-ભેદા-કુરીયા ભાવિક મંડળ તરફથી સ્ટીલનો કબાટ નંગ-૧, ખુરશીઓ નંગ ૮, સીલીંગ પંખો નંગ ૧, શકિના ફાઉન્ડેશન હાયાતનગર ને ભેટ આપેલ છે.

૨) શ્રી મનોજ નાગડા તરફથી ૫૦ કીલો સાકર દેવન બ્લાઉન્ટ સ્કુલ બેગમપેટને ભેંટ આપેલ છે. શ્રી મનોજ નાગડાની લગ્ન તીથી નીમીત્તે. સ્કુલના બાળકોને સવારના નાસ્તાની વ્યવસ્થા કરેલ.

વિનંતી : મૂઠીભર અનાજ યોજના માટે નીચે મુજબના એરીયા માટે વોલીન્ટરોની જરૂરત છે તો આ માનવસેવાના કાર્ય માટે વડિલોને વિનંતી કે તેમના બાળકોના વોલીન્ટર માટે નામ નોંધાવે. (નલાકુન્ટા - પંજાગુટ્ટા - જામબાગ એરીયા માટે).

મૂઠીભર અનાજ યોજનામાં જે પરિવારો અનાજ અર્પણ કરવા નામ નોંધાવેલ છે, તેઓને વિનંતી કે આશ્રમમાં દાળની ખાસ જરૂરત હોવાથી ચોખા સાથે અથવા ચોખા બદલે દાળ આપવા વિનંતી.

ગત માસમાં ૩૫૦ કીલા ચોખા - ૬૦ કીલો દાળ પ્રાપ્ત થયા છે. જે વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ છે.

YOU TURN an awareness

# (JYF) જૈન યુથ ફોરમ અને



## શ્રી હૈદ્રાબાદ આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ યોજે છે

# "ધર્મ મંથન"

હૈદ્રાબાદના ધમાલીયા જીવનમાં **ધર્મ મંથન** કરી જીવન જીવવાની સમીક્ષા કરવી જોઈએ.
ધર્મ અને જીવનનું સમતોલન અત્યંત જરૂરી છે.
**"ધર્મ મંથન"** એક એવો પ્રયાસ છે,
જેમાં ધર્મની સમજણ સાથે જીવન જીવવાની શૈલી કંડારવામાં આવશે.

**Sunday, 17th January 2016**
Speaker : **JYF મનિષ શાહ (ભુજ), JYF મનિષ મહેતા (ભુજ)**
Subject : જીવન કે સાથ ભી, જીવન કે બાદ ભી

**Sunday, 28th February 2016**
Speaker : **JYF હર્ષ જયંત ગડા (ગુંદાલા)**
Subject : સંસાર સપના : કોઈ નહી અપના

**Sunday, 27th March 2016**
Speaker : **JYF વૈભવ વિરેન્દ્ર ચંદુઆ (બગડા)**
Subject : Tonic of the day : નમસ્કાર મહામંત્ર

**Venue : Kutchi Bhavan, Eden Bagh, Ramkote, Hyderabad**
**Time : 10.00 am - 12.00 Noon**

**સંપર્ક : જયેશ જાદવજી મામણીયા (હૈદ્રાબાદ)-૯૪૪૦૮ ૯૦૪૩૭,**
**મનોજ હીરજી સાવલા (હૈદ્રાબાદ)-૯૮૪૯૭ ૭૪૮૪૫**

### સૌજન્ય દાતાશ્રીઓ

શ્રીમતી જયવંતીબેન જાદવજી એંકરવાલા (કુંદરોડી)
માતુશ્રી મક્કાબેન ભીમશી છેડા (SPM Group-પુનડી)
માતુશ્રી કસ્તુરબેન કુંવરજી શીવજી છેડા (ગાલા ભનસાલી-મોખા)
શ્રીમતી નીલમબેન રમણીકલાલ છગનલાલ દેઢીયા (ભુજપુર)
શ્રી જયંતીલાલ લાલજી ગાલા (મંગરાઈ-સાડાઉ)
માતુશ્રી મંજુલાબેન મોરારજી પુનશી ગોગરી (ટુંડા)
શ્રીમતી ભાવનાબેન ધીરજ માવજી છેડા (બ્લુ સ્ટાર ટાઈલ્સ-ડેપા)
માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)
માતુશ્રી લક્ષ્મીબેન માવજી રાયશી વીસરીયા (VPly-કુંદરોડી)
માતુશ્રી નિર્મળાબેન ઠાકરશી મોરારજી મારૂ (નેપચ્યુન ગ્રુપ-ડેપા)
માતુશ્રી દેવકાબેન કાનજી કુરપાર વોરા પરિવાર (બિદડા)
શ્રી ભારાણી પરિવાર (દેશલપુર)
માતુશ્રી ઝવેરબેન સુરજી નરસી છેડા (ટુંડા)
માતુશ્રી કંકુબેન હીરજી જેઠાલાલ ગાલા (જ્યતી કેટરર્સ-ભુજપુર)
શ્રીમતી મીનાક્ષીબેન મહેન્દ્ર શાહ (રતાડીયા ગણેશવાલા)

**હૈદ્રાબાદમાં "ધર્મ મંથન" દરેક મહીનાનાં ચોથા રવિવારે યોજાશે.** (જા. ખ.)

એક બીજાને ગમતાં રહીએ | સમતા રાખો | શાંત પળોમાં વિચારજો

# શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર રાયચંદ સાવલા
ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

## પિકનીક... પિકનીક... પિકનીક....

### શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ સંચાલીત

**શ્રી શાંતીવન સમિતી** સહર્ષ આયોજીત કરે છે પિકનીક (40+ ઉમરની વ્યક્તિ પુરતો મર્યાદીત)

**સ્થળ : ગોલ્ડન રીસોર્ટ (ગુરૂકુલની બાજુમાં)**
**સમય : રવિવાર તા. ૨૭ માર્ચ ૨૦૧૬**
**પ્રસ્થાન : સવારના ૭.૦૦ વાગે શ્રી કચ્છી ભવનથી બસ દ્વારા**
**નકરો : વ્યક્તિ દીઠ રૂ. ૧૫૦/- માત્ર**

**નોંધ :** પિકનીકમાં સહભાગી થવા ઈચ્છુક સભ્યો પોતાના વાહનમાં પણ આવી શકે છે. પરન્તુ નકરો આપવો આવશ્યક છે.

**કાર્યક્રમ :** સવારનો નાસ્તો, બપોરનું જમણ તથા સાંજની હાઈ-ટી સાથે સંપૂર્ણ દિવસ અનેક મનોરંજનાત્મક રમત ગમત તથા અન્ય કાર્યક્રમોથી ભરપુર યાદગાર બને એવા અનેક પ્રસંગ માણવા જરૂરથી પિકનીકમાં જોડાશો. ટીકીટનું વિતરણ તા. ૧૫ માર્ચ ૨૦૧૬ થી મિત્ર મંડળની ઑફીસમાંથી ઑફિસ સમય દરમ્યાન.

**નોંધ : પર્યટનની બસના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબાઈ પ્રેમજી નરશી, ગામ મોટા લાયજા મે. શાંતિનાથ ગ્રેનાઈટ ગ્રુપ, હૈદરાબાદ**

સંપર્ક : સંચાલક - હંસકુમાર રાયચંદ સાયલા, ફોન : ૬૬૩૬ ૨૫૪૫/૨૭૫૬ ૨૫૪૫

વિશેષ સુચના : મુકરર નિબંધ સ્પર્ધાના નિબંધો વહેલી તકે મંડળની ઓફિસમાં મોકલાવી આપશો.

**PROGRAMME DETAILS OF 27TH MARCH 2016 PICNIC**

**Bus Starts from Kutchi Bhavan at 7.30 am Sharp**

9.00am to 10.00am ...... Break Fast
10am to 1.00pm ........... Games for all Ages
1.00pm to 2.00pm ........ Lunch
3.30pm to 4.00pm ........ Tea Time & Tambola
5.00pm to 6.00pm ........ Snacks
6.00pm .......................... Bye... Bye...

**3 LUCKY DRAW PRIZES**

**2 BHK HOUSE ON 1ST FLOOR TO BE GIVEN ON RENT**

Prembagh, Opp. Pragati Society Colony, K.S. Lane, Sultan Bazar, Hyderabad

**PREFERENCE TO JAIN FAMILIES.**

Contact : 040-6673 0470, 98855 80285

(જા. ખ.)

# VIDEO TO DVD

**Double your money in 6 months (White Money only)**

**Cell : 93476 49457, 73067 09298**
**93953 47264, 93924 18463**

(જા.ખ.)

## ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...

એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫**

(જા.ખ.)

## અરનીંગ પર માસ ૧,૦૦,૦૦૦/- કમાઓ

દર રવિવાર સેમીનાર-ફ્રી લંચ

સંપર્ક : (ઘ) ૦૪૦-૨૭૫૬ ૪૧૮૩, ૯૩૯૨૪ ૧૮૪૬૩, ૯૩૪૭૬ ૪૯૪૫૭,
૭૩૦૬૭ ૦૯૨૯૮, ૯૩૯૫૩ ૪૭૨૬૪

(જા.ખ.)

20 Days Medicine only Rs. 350/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ. ૧૨-૨૦૧૬)

**Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage**
**LOGO Designing, Broucher & Souvenir Priting**



## CHANDRAPRABHA GRAPHICS

**Paras Ramesh Jagirdar 66680780, 40047999**

## TUITIONS FOR LKG TO X CLASS STUDENTS

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre,
Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

# સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડિયા વ્યક્તિ નહિં પણ વિચારધારા

પરમ આદરણીય શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયા એક વ્યક્તિ નહિં પણ એક વિચારધારા હતા. એમના વિશે સંક્ષિપ્તમાં લખી શકાય એ શક્ય નથી. એમના પ્રેરણાદાયી જીવન વિશે લખીએ તો દળદાર ગ્રંથ પણ ઓછો પડશે. છતાં પણ એમની જીવન ઝરમર સંક્ષિપ્તમાં રજૂ કરું છું.

કચ્છ જ નહિં, બલ્કે ગુજરાતના ગૌરવસમા સર્વોદયી અગ્રણી, ગાંધીવાદી સમાજ સેવક, પત્રીના પનોતા પૂત્ર અને આંધ્ર પ્રદેશના અત્યંત પ્રતિષ્ઠિત નાગરિક શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયાનો જન્મ આજની તારીખે ૧૦૦ વર્ષ પહેલા ૧૯ જાન્યુઆરી ૧૯૧૬ના કચ્છના મુંદ્રા તાલુકાના પત્રી ગામમાં માતુશ્રી વેજબાઈ લાલજીની કુખે થયું હતું.

પિતાશ્રી લાલજીભાઈએ મુંબઈમાં કાપડનો ધંધો શરૂ કરતા કાપડિયા તરીકે ઓળખાવા લાગ્યા.

ફક્ત દસ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર, પાંચ ભાઈઓ અને એક બહેનમાં સૌથી નાના ટોકરશીભાઈએ અનેક કઠણાઈઓ વચ્ચે પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કચ્છમાં પૂર્ણ કરી મોટાભાઈના કહેવાથી મુંબઈ નોકરી કરવા ગયા. ત્યારબાદ પોતાનું નસીબ અજમાવવા બર્મા (હાલના મ્યાનમાર) જેવા દૂરના સ્થળે ગયા.

વિપરિત પરિસ્થિતિઓ વચ્ચે અનુભવનું ભાથું મળતું ગયું અને ઘડતર થતું ગયું. બ્રહ્મદેશમાં રહીને પણ ત્યાં ભંડોળ એકઠું કરી હરિજન પાઠશાળા માટે પત્રી મોકલાવ્યું.

૧૯૩૨ માં અમૃતબેન સાથે લગ્ન થયા, ત્યારે પણ ખાદી વસ્ત્ર પહેરવાનો સફળ આગ્રહ પ્રશસ્ય રહ્યો.

બીજા વિશ્વયુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં શ્રી ટોકરશીભાઈએ જાન્યુઆરી ૧૯૪૨માં બર્મા છોડયા પછી કલકતા આવ્યા ત્યાં ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનથી ખૂબ પ્રભાવિત થઈ પોતાના વતન કચ્છ પત્રીમાં ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. પત્રી સર્વોદય સમાજની રચના કરી તેમની સેવાઓ દરેક કોમ ખાસ કરીને દલિત લોકો સુધી પહોંચાડી. ક્રાંતિકારી કદમો ઉઠાવતા ઉઠાવતા એમણે એમની ગામની આઠ એકર જમીન અને સાત દાયકા પહેલા રૂા. પંચાવન હજાર જેવી માતબર રકમ અર્પણ કરી. પત્રી સર્વોદય સમાજની સતત મહેનતથી પત્રીમાં ગાંધી વિદ્યાલય અને ત્યારબાદ છાત્રાલયનું નિર્માણ થયું. ગામની અનેક સેવાકીય સંસ્થાઓમાં સહયોગ આપી રોડ, કુવો, ખેલકુદ વ્યવસ્થા, બાલ મંદિર, કન્યા શાળા, વાંચનાલય, બસ સ્ટેશન, શીવણ વર્ગ, દવાખાનું જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી ગામનું કાયાકલ્પ કર્યું. પત્રીમાં આજે પણ એમણે શરૂ કરેલી ૧૬ જેટલી સંસ્થાઓ કાર્યરત છે.

શ્રી ટોકરશીભાઈ ગાંધીજી સાથે થોડા દિવસો વર્ધા સ્થિત સેવાગ્રામ આશ્રમમાં પણ રહ્યા હતા. આચાર્ય વિનોબા ભાવે, લોકનાયક જય પ્રકાશ નારાયણ, મૂક સેવક રવિશંકર મહારાજ જેવા સર્વોદયી નેતાઓ સાતે નિકટના પરિચયમાં આવ્યા બાદ એમનું જીવન સમાજસેવાના રંગમાં રંગાઈ ગયું.

પત્રીમાં થોડા વર્ષો ગાળી ધંધાર્થે હૈદરાબાદ આવ્યા. હૈદરાબાદમાં વેપાર ઉદ્યોગમાં પુરૂષાર્થ અને પ્રમાણિકતાથી ધન ઉપાર્જનની સાથે સેવા સહયોગ અને સખાવત દ્વારા યશની કમાણી કરી. વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે ઉંચેરૂ સ્થાન મેળવી અનેક વ્યાપારિક, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓને ટોચના સ્થાને લઈ ગયા. હસમુખા અને મિલનસાર પ્રકૃતિના કર્મયોગી શ્રી ટોકરશીભાઈએ જે કાર્યક્ષેત્રમાં પ્રદાર્પણ કર્યુ તેને સફળ બનાવીને જ જંપ્યા.

હૈદરાબાદમાં એમના અને માતુશ્રી અમૃતબેનના નામે બે કોલેજો, હાઈસ્કૂલ, મહાવીર હોસ્પીટલ, નેચર ક્યોર હોસ્પીટલ, પુસ્તકાલયો, અતિથિગૃહો, અનાથ કુમારિકાઓ માટે વેજબાઈ બાલ નિવાસ જેવી અનેક સંસ્થાઓ આજે કાર્યરત છે.

ભારતભરમાં ચક્ષુદાન જેવી મહત્વની પ્રવૃત્તિને શરૂ કરનાર અને વેગ આપનાર શ્રી ટોકરશીભાઈ

"We have Mentors with Mind of A Teacher & Heart of A Parent"

HUNNY BUNNY
Play School

Admissions Open

Learning n Beyond

Admissions Open

Playgroup & Nursery

Let Your Child Experience the fun of Drawing N Coloring Arts N Craft, Dance, G.K., Games

At **Hunny Bunny**
Its not just a **SUMMER CAMP**
Its **THE FUN CAMP**
And the fun begins from
**Monday, 4th April '16 to Wednesday, 4th May '16**
Age: 2 to 5 Yrs
Time:10:00 am to 12:30 pm

(જા.ખ.)

3-4-512/28, 1st Floor, Barkatpura Colony Garden, Barkatpura, Hyderabad - 27
Phone 64642425 Email: hunnybunnyhyd@gmail.com

Surbhi Vora
9491123843

Mamta Vora
9391233045

Nipa Vora
9533904870

કાપડિયાનો સમગ્ર દેશ ઋણી રહેશે.

શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, મહાવીર હોસ્પીટલ, ગાંધી જ્ઞાન મંદિર, શ્રી જૈન સેવા સંઘ, શ્રી કુલપાકજી તીર્થ જેવી અનેક અગ્રણી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા.

ચક્ષુદાન, જૈન ધર્મ વિકાસ, વિશ્વ હિન્દુ પરિષદ, શિક્ષણ પ્રસાર, નારી ઉત્કર્ષ, અનાથાલય, ખાદી, કૃષિ સુધારણા, ગ્રામોદ્યોગ, રોટરી ક્લબ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં પણ એટલાજ સક્રિય રહ્યા.

શ્રી કચ્છી મિત્ર મંડળના સ્થાપક સભ્યોમાં એક એવા શ્રી ટોકરશીભાઈના કચ્છી ભવન માટે ૧૨૦૦ ગજ જમીનનું દાન અને પ્રેરણાથી મંડળની પ્રવૃત્તિઓને જબરદસ્ત વેગ મળ્યો.

૧૬ માર્ચ ૧૯૯૬ ના ૮૧ માં વર્ષે તેમનું નિધન થતા સમગ્ર સમાજને ન પુરાય એવી ખોટ પડી. એમનું ચૈતન્યમય જીવન પ્રેમ તથા માનવતાવાદ એ કેટલું જીવ્યા તે નહિં પણ કેવું જીવન જીવ્યા નો સંદેશ આપે છે. તેઓશ્રીએ વાવેલા વૃક્ષોના છાંયડાનો લાભ આપણી પેઢીને મળી રહ્યો છે.

જેમ મોરના ઈંડા ચીતરવા ન પડે તેમ તેમના પગલે તેમના જ્યેષ્ઠ સુપુત્ર સ્વ. ધીરજભાઈ પણ અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા.

આજે પણ તેમના સુપુત્ર શ્રી કીર્તિભાઈ પોતાના પિતાશ્રીની અને પૌત્ર શ્રી સુશીલભાઈ પોતાના દાદાશ્રીની પ્રવૃત્તિઓને સક્રિય રીતે આગળ ધપાવી રહ્યા છે તેમજ પુત્રવધુઓ લીલમબેન અને વિજ્યાબેન પણ સામાજિક ક્ષેત્રે સક્રિય ભાગ લઈ રહ્યા છે.

આજે શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયાની જન્મ શતાબ્દી વર્ષે આપણે સૌ મળી તેઓશ્રીનું ઋણ સ્વીકાર કરી સહૃદયે ભાવભરી ભાવાંજલિ અર્પણ કરીએ.

**- દિનેશ ગોસર**

❊ ❊ ❊ ❊ ❊ ❊

## શ્રી ટોકરશીભાઈ સાથેનું એક અવિસ્મરણીય પ્રસંગ

વાત એ સમયની છે જ્યારે હું શ્રી કચ્છી મિત્ર મંડળના મેનેજર તરીકે કામ કરતો હતો ત્યારે શ્રી ટોકરશીભાઈ મિત્ર મંડળના પ્રમુખ હતા.

એકવાર બે મહાશક્તિઓ કોઈ વાત ઉપર આપસમાં ભીડી ગયા. પરિસ્થિતી એકદમ અતીગતી ઉપર આવી ગઈ. શ્રી ટોકરશીભાઈએ આ વાતમાં મધ્યસ્થી કરી અને બહુખુબીથી થયેલ ભુલની સંપૂર્ણ જવાબદારી મારા માથે ઢોળી દીધી. ક્ષણ માટે તો હું હેબતાઈ ગયો પરન્તુ ખામોશ રહ્યો. મારા ઉપર લાગણીના લીધે બન્ને મહાશક્તીઓ ઠંડા પડી ગયા અને મામલો રફા દફા થઈ ગયો.

પાછળથી શ્રી ટોકરશી ભાઈએ મને બોલાવીને સમજાવ્યો કે you are not guilty but you are suppose to be guilty for the sake of Mandal સંસ્થાના હિત માટે થોડી પીછેહટ કરવી પડે તો કરવી આ પ્રમાણે એમનો આશય હતો.

આજ સુધી હું સંસ્થાકીય કાર્યમાં સંકળાયેલો છું. પણ મારા કાર્યમાં ઉપરોક્ત પધ્ધતીજ મેં અપનાવી છે જેથી હમેશા કેવી પણ પરિસ્થિતીમાં વિજય મેળવવા હું સક્ષમ થયો છું.

**- હંસકુમાર સાયલા**


**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**
**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**
(સૌ. પ્ર. ૩-૨૦૧૬)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

**HOUSE ON RENT..... 3 BED ROOM FLAT**

NARENDRA PATEL : # Flat No. 16, A Wing, 3rd Floor,
Pragati Society, Tilak Road, Hyderabad

**Contact : 040-2321 0500, 2452 5721, 93969 63507**

(જા.ખ.)

**SHOP FOR SALE**

MAIN NIZAM SHAI ROAD, OPP. SEENA HOTEL

**Contact : 93924 18463, 93476 49457**

(જા.ખ.)

***PRIYANKA'S Homeo Clinic,** Himayat Nagar*

*by* **DR. PRIYANKA LATHKAR,** *BHMS, (Gold Medalist), EMS*

**TREATMENT AVAILABLE FOR**

- *Weight Loss*
- *Migraine*
- *Cold/Cough/Sinus/Allergies*
- *Thyroid*
- *Diabetes etc.*
- *Skin Problems*
- *Female Related Problems*
- *B.P.*
- *Sciatica*
- *Kidney Stones*
- *Joint Problems*

ONLINE & TELEPHONIC CONSULTAION AVAILABLE
COURIER FACILITY OF MEDICINES ACCROSS INDIA
BLOOD SUGARS CHECKUP FACILITY
INJECTIONS CAN BE GIVEN

@ 3-6-538/1, Street No. 7, In the lane opp. Minerva Coffee Shop, Himayat Nagar, Hyd-29
Timings : 10.30 to 12.30 (Morning) & 5.30 to 9.00 (Evening)
Only Friday : 7.30 to 9.00 pm
Cell : 88860 43483, e-mail : priyankahomeo@gmail.com
FB Page : Priyanka's Homeo Clinic

(જા.ખ.)

## સંસ્થા સમાચાર

❖ **શ્રી ભલારા ભક્તી મંડળ, હૈદરાબાદ :** પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ ચૈત્રી પૂનમ શુક્રવાર તારીખ ૨૨ એપ્રીલ ૨૦૧૬ સાંજના ગૌધુલી વેળાએ શ્રી કચ્છી ભવન ઈડનબાગ રામકોટ મધ્યે શ્રી ભલારાદાદાનો સમુહપાઠ તથા પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે સમુહપાઠનો લાભ ભલારા ભક્ત શ્રી કુલીનભાઈ ટોકરશી ધુલ્લા કચ્છ ગામ સુથરીવાળાએ લીધેલ છે. અત સર્વે ભલારાને નમતા ભાવિકોને ખાસ આગ્રહ ભરી વિનંતી છે કે સમયસર હાજર રહી જ્યોતના દર્શન, પાઠ તથા પ્રસાદીનો લાભ આવશ્ય લેજો. વધુ વિગત માટે સંપર્ક : શ્રીગુલાબભાઈ મોતા - ૯૪૪૧૯ ૧૬૧૪૨, શ્રી લહેરચંદભાઈ લોડાયા - ૯૨૪૬૫ ૩૧૦૬૬, શ્રી હંસકુમારભાઈ સાયલા - ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

## જીવન ચક્ર

### પુત્ર જન્મ

| | |
|---|---|
| સૌ. રૂપલ નીખીલ કિશોર દેઢીયા, તા. ૨૯-૦૧-૨૦૧૬ | હૈદરાબાદ (ભુજપુર) |
| વૈશાલી હિતેશ વિનિત હેણિયા | હૈદરાબાદ (સાભરાઈ) |
| રિયા જતીન લક્ષ્મીચંદ લોડાયા, તા. ૨૪-૨-૨૦૧૬ | હૈદરાબાદ (મોટી ખાવડી) |

### સગપણ

| | | |
|---|---|---|
| ચિ. મિહિર અતુલ જંયતિલાલ ગાલા | ગોધરા | હૈદ્રાબાદ |
| ચિ. સુરભિ સંજય સેવંતિલાલ દેઢિયા | માપર | આકોલા |

### શુભ લગ્ન

| | | |
|---|---|---|
| ચિ. ભાવેશકુમાર હરખચંદ દેઢીયા | દેશલપુર (કંઠી) | હૈદારાબાદ |
| ચિ. તેજલ અશોક સોનેજી | મોટી મઉં (ગઢશીશા) | થાણા |

### અવસાન નોંધ

| | | |
|---|---|---|
| ગં.સ્વ. રૂક્ષ્મણીબેન જાદવજી ગાલા | (ઉ.વ. ૭૪) | લાખાપર |
| ભોગીલાલ મણીલાલ મહેતા | (ઉ.વ. ૭૫) | ભુજ |
| દુર્લેશ નરેન્દ્ર દેવશી વોરા | (ઉ.વ. ૩૪) | મુંદ્રા |

CHANGE OF ADDRESS

હેમાંગ નરસી દંડ : ૪-૧-૨૧૩, ફ્લેટ નં. ૧૪, જીવન એપાર્ટમેન્ટ, હનુમાન ટેકડી - ૫૦૦ ૦૦૧

**KIRAN KUMAR MAHARAJ**, MPT (Neuro) - **Dr. AMBIKA**, PT
**CONTACT : 92471 28533**
Neck Pain (CS), Back Pain (LBA), Shoulder Pain (PA) Frozen Shoulder, Knee Pain, Sciatica, Slipdisc, All Joint Pains, Sports Injuries, Strain & Sprains, All Fracture Cases, Paralysis, Muscle Cramps, Bell's Palsy, Spinal Card Injury, Parkin Sonism, Cerebral Palsy, Orthrities.
**MALE & FEMALE PHYSIOTHERAPISTS ARE AVAILABLE SPECIALLY FOR HOME VISITS**
(જા.ખ.)

Pick up & Drop
**CHERIAN NATIONAL**
**Motor Driving School** (ESTD. 1962)
CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad
**Cell : 98495 84518**
(જા.ખ.૬-૨૦૧૬)

# श्री अजित पार्श्व जैन भोजनशाला

संचालन : श्री अजित पार्श्व युवा संघठन

स्थान: श्री अजित पार्श्व जैन भवन, जैन मंदिर के पास, कोठी, सुलतान बाजार, हैदराबाद संपर्क: 040-65122880, 92465 22880, 94918 84383



## घर जैसा शुद्ध सात्विक भोजन

समय : प्रात: 11.30 से 2.00 बजे

सायं : 5.00 से सूर्यास्त तक

(સૌ.જ.)

प्रति व्यक्ति थाली रू. 60/-  प्रति व्यक्ति टिफीन रू. 70/-

शुद्ध आहार-सात्विक आहार-शाकाहार

**रविवार विशेष : दाल, बाटी चुरमा मात्र रू. 75/-**





**Jayesh Shah**

Real Estate Consultants

For All your property needs

Sale - Purchases of Flats, Plots,

Commercial Rentals in & around City Limits

**Ph : 9397890789, 8886677656**

jayesh.shah2013@gmail.com




(સૌ.જ.)

**Divyang Shah**

Interior Dezigner

Ph : 9014922200, 9966777800

divyangsshah@gmail.com

# સભ્યપદ સમિતિ

સંચાલકઃ લહેરચંદ ટોકરશી લોડાયા
૯૨૪૬૫ ૩૧૦૬૬

શ્રી કચ્છી મિત્ર મંડળની ફેબ્રુઆરી માસની કારોબારી સભામાં નિમ્ન લિખિત ૨૬ વ્યક્તિઓની આજીવન સભ્યપદ માટેની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | જ્ઞાતી | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|---|
| ૧ | નિશા હરીશ ગાલા | વડાલા | ક.વિ.ઓ | N/1033/2/16 |
| ૨ | ઝવેરબેન કેશવજી વોરા | વરંડી મોટી | ક.વિ.ઓ. | Z/1002/2/16 |
| ૩ | ચંદ્રકાંત કાનજી નાગડા | નરેડી | ક.વિ.ઓ. | C/1010/2/16 |
| ૪ | વિનિતા દ્વિપેશ શાહ | મુંદરા | ગુર્જર | V/1028/2/16 |
| ૫ | સોનલ જય પાસડ | શેરડી | ક.વિ.ઓ. | S/1036/2/16 |
| ૬ | જિતેશ અમૃતલાલ ગાલા | ડુમરા | ક.વિ.ઓ. | J/1025/2/16 |
| ૭ | જય ઠાકરશી સોની | નાની ખાખર | સોની | J/1026/2/16 |
| ૮ | સુરભી વિરલ ગાલા | લાખાપુર | ક.વિ.ઓ. | S/1037/2/16 |
| ૯ | જેની વૈભવ મહેતા | મસ્કા | બ્રાહ્મણ | J/1027/2/16 |
| ૧૦ | પ્રતીક ભાવેશ મારૂ | ડુમરા | ક.વિ.ઓ. | P/1031/2/16 |
| ૧૧. | હિરલ રિતેશ નાગડા | ડુમરા | ક.વિ.ઓ. | H/1037/2/16 |
| ૧૨. | પરાગ વિનોદ ચૌહાણ | કુંભારિયા | ક્ષત્રીય | P/1032/2/16 |
| ૧૩. | શ્વેતા ધવલ મહેતા | ભીમાસર | ગુર્જર | S/1038/2/16 |
| ૧૪. | શેફાલી મનીષ ગાલા | દેવપુર | ક.વિ.ઓ. | S/1039/2/16 |
| ૧૫. | પ્રિયેશ દ્વિનેશ ધીવાલા | માંડવી | ભાટીયા | P/1033/2/16 |
| ૧૬. | જલ્પેશ ધિરેશ શાહ | મુંદરા | ગુર્જર | J/1028/2/16 |
| ૧૭. | ભાવના મયુર ગડા | ભોજાય | ક.વિ.ઓ. | B/1023/2/16 |
| ૧૮. | દિપક ગુલાબચંદ ગોસર | મોટા રતડીયા | ક.વિ.ઓ. | D/1031/2/16 |
| ૧૯. | ચંદના ગીરીશ ગાલા | ઉનડોઠ મોટી | ક.વિ.ઓ. | C/1011/2/16 |
| ૨૦. | અંકિત નીતિન વોરા | નવીનાર | ક.વિ.ઓ. | A/1018/2/16 |
| ૨૧. | નયના કીર્તિ મોમાયા | વારાપધર | ક.દ.ઓ. | N/1034/2/16 |
| ૨૨. | રાહુલ વિજય દેઢિયા | કોડાય | ક.વિ.ઓ. | R/1027/2/16 |
| ૨૩. | દિપક પ્રફુલ્લ ગોગરી | નાંગલપુર | ક.વિ.ઓ. | D/1032/2/16 |
| ૨૪. | જેની ચેતન મારૂ | ડુમરા | ક.વિ.ઓ. | J/1029/2/16 |
| ૨૫. | મયુર અમરચંદ વોરા | નારાણપુર | ક.વિ.ઓ. | M/1039/2/16 |
| ૨૬. | મહેશ કલ્યાણજી મજેઠીયા | અંજાર | લોહાણા | M/1040/2/16 |

**ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....**

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

| | |
|---|---|
| મગદરીયા લાડું (પાંચ ધાન્યના) | રૂા.૪૦૦/- Kg |
| ફીણીયા લાડું | રૂા.૩૬૦/- Kg |
| નાચણી (રાગી) ખજુર લાડુ (સુગર ફ્રી) | રૂા.૪૦૦/- Kg |
| અલશી મખાના લાડું (કેલશિયમ-વિટામીનથી ભરપુર) | રૂા.૫૦૦/- Kg |
| ડ્રાયફ્રુટ લાડું (ઘઉંના) | રૂા.૫૦૦/- Kg |
| ગોળ પાપડી | રૂા.૩૬૦/- Kg |
| ગોળીયા લાડુ | રૂા.૩૬૦/- Kg |
| અડદિયા પાક (શીયાળુ પાક) | રૂા.૬૦૦/- Kg |
| અદરખ ડ્રાયફ્રુટ લાડુ | રૂા.૭૦૦/- Kg |
| કોકોનેટ બીસ્કીટ | રૂા.૩૦૦/- Kg |
| ગુંદ | રૂા.૨૬૦/- Kg |
| સાંગલીના ભડંગ | રૂા. ૫૦/- 250gr |
| પુનાનો લક્ષ્મીનારાયણ ચીવડો | રૂા.૧૫૦/- 500gr |
| શીંગદાણાની ચટણી | રૂા. ૫૦/- 200gr |
| સિકંદર ના ખારી સીંગ | રૂા. ૫૦/- 200gr |
| સિકંદર ના ચણા | રૂા. ૪૦/- 200gr |
| ફર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ | રૂા.૧૫૦/- 250gr |

**CONTACT**

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardam,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA - 89857 59320**

**PREMILA CHHEDA - 90146 66932**

(જા.ખ.)

# વિવિધા

## GUILLAIN BARRE SYNDROME (GBS)

## ગુલિયન બારે સીન્ડ્રોમ

૩૫ વર્ષના એક તંદુરસ્ત ભાઈને એક દિવસ સાંજના અચાનક હાથમાં ખાલી ચડવા જેવું લાગ્યું, સાથે કળતર તથા દુખાવો થયો. ધીરે ધીરે બંને પગમાં પણ દુખાવો શરૂ થયો. તેને અનુભવ્યું કે તે સ્કુટરનો બ્રેક નથી મારી શક્તો, સ્કુટર સ્ટેન્ડ ઉપર ચડાવવું તેને અશક્ય લાગ્યું, ચાલવામાં પણ તકલિફ જણાવા લાગી. તેને લાગ્યું કે તેના શરીરમાંથી અચાનક શક્તિ ઓસરી ગઈ છે. તેને સમજણ ન પડી કે આ શું થાય છે, શા માટે થાય છે. ઘરમાં વાત કરી અને બધાયની સલાહથી ફિઝીસિયનને કન્સલ્ટ કર્યા. ડોક્ટરને પણ ખાસ સમજણ ન પડી પણ તેમને જણાયું કે આ કોઈ ન્યુરોલોજીકલ પ્રોબ્લમ જણાય છે અને તેમની સલાહ મુજબ ન્યુરો ફિઝિસીયનને કન્સલ્ટ કર્યા. તેમણે એક નર્વ ટેસ્ટ કરાવતા ખ્યાલ આવ્યો કે આ ભાઈને નર્વસ નો પ્રોબ્લમ થયેલ છે અને તે કારણે તેના હાથ પગના મસલ્સ પણ કામ કરતા અટકી ગયા છે. આ દરમ્યાન તેને ૪૮ કલાક ઉપરનો સમય નીકળી ગયેલ, શરીરની પરિસ્થિતિ એવી થઈ ગયેલ કે તે મોબાઈલનો વજન પણ નહોતો ઉંચકી શક્તો, સોફા ઉપરથી ઉભો ન થઈ શક્તો, ચાલતા ચાલતા ૧/૨ વાર પડી પણ ગયો. તેમજ સીડીનો એક પગથીઓ સુધ્ધાં ઉતરવું તેના માટે અસંભવ વાત હતી. ન્યુરો ફિઝિસિયનની સલાહ મુજબ તેને તુરંત ન્યુરો હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ અને ટ્રીટમેન્ટ શરૂ કરવી પડી. હોસ્પિટલમાં અઠવાડિયા સુધી તેને જરૂરી ઈન્જેક્શનો આપવા પડયા કે જેથી દર્દ વધારે આગળ ન વધે - શરીરને વધારે નુકશાન થતું બચાવે. ત્યારબાદ ૭/૮ મહિના સુધી ફિઝિયોથેરપી કરાવ્યા બાદ તે ભાઈ પાછા નોરમલ થયા પણ હાથ/પગમાં થોડી કસર રહી જવા પામી.

**આ દર્દ શું છે ?** આ એક નર્વસ સીસ્ટમનો પ્રોબ્લમ છે. આ એક અસામાન્ય દર્દ છે જેમાં શરીરની ઈમ્યુન સીસ્ટમ જે શરીરમાં વાયરસ સામે રક્ષણ આપે છે તેજ શરીરના નર્વસના આવરણ ઉપર આક્રમણ કરે છે. જેથી શરીરના સ્નાયુ નબળા પડી જાય છે અને ક્યારેક પેરેલીસીસ પણ થાય છે.

આ દર્દ વધી જતા સ્નાયુઓ કામ નથી કરી શકતા, હાથ અને પગ કામ કરતા બંધ થઈ જાય છે. આ દર્દ કોઈને, કોઈ પણ ઉમરે - સ્ત્રી કે પુરૂષને થઈ શકે છે. સાધારણ અનુભવ મુજબ શ્વાસ અને આંતરડાના (Gastro Intestinal) વાયરસ ઈન્ફેક્શન થયાના થોડા સમય પછી થાય છે. પણ તે મુખ્ય કારણ નથી. આ દર્દના ચીન્હો દેખાવા શરૂ થાય તેના થોડા કલાકોમાં / દિવસોમાં વ્યક્તિના શરીરમાં અશક્તિ ફેલાઈ જાય છે. આ દર્દ ચેપી નથી કે વારસાગત પણ નથી.

આ દર્દનો કોઈ ઈલાજ નથી પણ તાત્કાલિક ટ્રીટમેન્ટ લેતા દર્દને આગળ વધતો અટકાવી શકાય છે. ત્યારબાદ રીકવરી ફીઝીયોથેરેપીથી જ થઈ શકે છે જે લાંબો સમય માંગી લે છે.

**આ એક ખતરનાક દર્દ છે** જેથી જાણકારી માટે આ વિગત આપેલ છે. ઉપર જણાવેલ ચીન્હો જણાતા તેની **તાત્કાલિક ટ્રીટમેન્ટ** બહુજ જરૂરી છે. એ ટ્રીટમેન્ટ ન મળતા વ્યક્તિ અપંગ જેવો થઈ જાય છે. આ માહિતી ફક્ત એટલા માટે આપેલ છે કે સૌ સાવચેત રહે કે જેથી ઘરમાં કે કોઈ જાણીતામાં આવા દર્દના ચીન્હો જણાય તો સાવચેત રહી શકીએ કે કોઈને સાવચેત કરી શકીએ. **રમેશ એમ. શાહ**

## પપ્પા

એ રોજ ઘરડાં થાય છે. હું રોજ સાંજે એમનો ચહેરો જોઉં છું. કરચલીઓમાં, ઘેરી થતી એ જીંદગીને જોઉ છું. થોડી ઝાંખી, પાણી ઝરતી, ઝીણી થયેલી એ આંખોમાં સ્વપ્નોને સ્થાને યાદોને રઝળતી જોઉં છું. ટીવીનો વોલ્યુમ રોજ થોડું થોડું વધતો જાય છે. કાનમાંથી બહાર દેખાતા વાળ સફેદ થઈ ફરફરે છે. કદાચ સંભળાય છે. પણ સમજાતું નથી. એ બેધ્યાન શ્રવણને હું રોજ કાન માંડીને સાંભળુ છું. માઈલો સુધી ચલાવેલી એ સાઈકલની વાતો, મારા ભવિષ્ય માટે ભરેલી પૂનમની વાતો... હવે તો એ વાત કરતા પણ થાકી જાય છે. હું એ થાકના કળતરને રોજ અનુભવું છું. પસંદગી પૂર્ણ થઈ છે.

ના કશું જોઈએ છે ના કશું પામવું છે. દવા સિવાય ખાસ કશું યાદ રાખવું પડે એવું કાંઈ બચ્યું નથી.

હું એ સંકોચાતા જતા યાદોના ફલકને રોજ સમજું છું મને લાગે છે એ સાચેજ રોજ ઘરડાં થાય છે. અને, મારા મોટા થવાનો આ એકજ અફસોસ મને રોજ સતાવે છે કે **પપ્પા ઘરડા થાય છે.**

સંકલન : ચંદન હરિશ હરીયા

ANSWER : 87, LOGIC REVERSE THE IMAGE

**છેડા ટ્રાવેલ્સ** ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે
કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.
સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬
C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧
(જા.ખ.૬-૨૦૧૬)



**SHREE KRISHNA TIFFINS**
*(Pure Veg, Jain Thali, Lunch & Dinner Service)*
We accept all Party Function, Marriage Train Etc. Orders
# 3-4-74/1/A, 3rd Floor, Opp. Raghavendra Temple, Lingampally,
Barkatpura, Hyderabad - 500 027 (TS)
JAGADISH CHANDA - 88975 17718, 92476 97165
4(P) GHEE ROTI + CURRY + RICE + DAAL + PICKLE
FREE HOME DELIVERY
(જા.ખ.)



વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે




**વિજયકુમાર શુકલા**
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો
ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
(જા.ખ.)



# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

| | |
|---|---|
| 1) Elephant | 2) Distant |
| 3) Servant | 4) Extravagant |
| 5) Participant | 6) Dormant |
| 7) Brilliant / Radiant | 8) Vacant |
| 9) Abundant | 10) Migrant |

**The persons who have given correct answers are-**

1) Avani Rahul Chheda
2) Bharati K. Dharod
3) Dhrupti Himesh Kumar Dodhia
4) Disha Kunal Nandu
5) Devank D. Shah
6) Eesha Chawhan
7) Femi Gada
8) Hetvee Ravindra Gosar
9) Hemali Kantilal Mota
10) Jyoti L. Nagda
11) Jayant M. Vora
12) Karishma Deepak Kapadia
13) Khush Kailash Chheda
14) Kumud M. Shah
15) Khiresh Naveen Nagda
16) Khushboo Shah
17) Kinjal Gada
18) Karan Sanjay Gala
19) Mayank Ajay Pasad
20) Meet Gala
21) Nita D. Malde
22) Nita J. Parekh

**Quiz for the Month :-**

The following are the phrases which can be answered by one single alphabet give your answer :

which alphabet denotes...

1) A Question
2) An Insect
3) Is a part of our body
4) Is a 'tool' for cutting
5) Is a drink
6) Is a source of Salt
7) Is name of a vegetable
8) Plural of "I"
9) Opposite of "I"
10) Surprise Exclamation

23) Namratha Mehta
24) Prachiti Dedhia
25) Pritesh Bharat Kasaria
26) Rohit C. Shah
27) Riddhi Chawda
28) Rashmi Rajesh Lodaya
29) Sushma Shah
30) Smitha D. Momania
31) Sonal P. Gosar
32) Surabhi Chandrakant Gala
33) Sheela Sanjay Gala
34) Vasanti Shah
35) Vinod J. Shah

## "I" forgot

- When TV came to my house, I forgot how to read books.
- When the car came to my doorstep, I forgot how to walk.
- When I got the mobile in my hand, I forgot how to write letters.
- When computer came to my house, I fogot spellings.
- When A/c came to my house, I stopped going to the garden for cool breeze.
- When I stayed in the city, I forgot the fragrance of mud.
- With the smell of perfume, I forgot the natural fragrance of fresh flowers.
- With the coming of fast food, I forgot the taste of wholesome paratha and rice.
- Always running around, I forgot how to stop.
- And lastly when I got whatsapp, I forgot to talk to my family and friends.




For Ans. See page No. 18



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

## You are beautiful....we just compliment it!

abha
be gorgeous
BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by *Bhavini Patel*

Now at New & Spacious Space

- ✍ Bridal Mehendi
- ✍ Bridal HD Make-up
- ✍ Bridal Packages
- ✍ Body Spa
- ✍ Hair Spa & Treatment
- ✍ Stone Theorpy
- ✍ Ultrasonic Treatment
- ✍ Foot & Hand Spa

**Designer Mehendi & Grooming Classes**

**3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,**
**Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com**
**Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed**

(જા.ખ.)

# प्रेमयोग की साधना

*पोथी पढी पढी जग मुआ, पंडित हुआ न कोई, ढाई अक्षर प्रेम का, पढ़े सो पंडित होय ।*

*- कबीरजी*

शब्द मनुष्य के पैरों से तेज दौडते है पर प्रेम के सामने वे हार जाते है । गुजरात के आदि कवि नरसिंह महेताने कोई युनिवर्सिटी में पी.एच.डी. नहीं की, पर उन पर आज लोग पी.एच.डी कर रहे है । अनपढ नरसैया ने भगवान के प्रेम में मस्त बनकर जो काव्य गाये थे वे आज बी.ए. और एम.ए. के विद्यार्थी पढ़ते है । ऐसा क्यों ? क्योंकि कबीरजीने कहा है कि - ढाई अक्षर प्रेम का, पढे सो पंडित होय ।

प्रेम के बिना मानवीय हृदय, हृदय नहीं पत्थर कहलाता है । प्रेम में समर्पण है, बलिदान है, स्नेह है । स्नेह का अर्थ चिकनाई, स्नेह की चिकनाहट दो हृदयों को जोड देती है । संसार के धन, वैभव, सत्ता और बल शरीर पर अधिकार कर सकते है पर उसके भितर में रहेनेवाली आत्मा पर नहीं । संसार में बडे-बडे राजा-महाराजा हो गये, जिनके सामने हजारों लोग मस्तक झुकाते थे, नमस्कार करते थे, आज कौन उनको याद करता है ? कोई नहीं, क्योंकि उनका शसन धन और बल के आधार पर टिका था, इस लिए जनता के दिल पर वे कभी शासन नहीं कर सकें । इसके विपरीत जिनके हृदय में सब के लिए प्रेम की धारा बहतीथी उन्हे दुनिया आज भी श्रद्धा के साथ स्मरण करती है ।

जैन दर्शन दो प्रकार की दृष्टि बताता है 1) पर्याय द्रष्टि 2) द्रव्य द्रष्टि

1) पर्याय याने निरंतर बदलनेवाली अवस्था (**Body Consciousness**) इस द्रष्टि से संसार में हमें कोई अच्छा, कोई चोर, कोई दुष्ट दिखाई देते है, कहीं ऊँच, नीच या बडे-छोटे की कल्पना करके हम राग-द्वेष में उलझकर अपने बंधनों को अधिक मजबूत करते रहेते है ।

2) द्रव्य द्रष्टि सारे संसार को आत्मवत् देखने की द्रष्टि । महावीर भगवान ने कहा-जो आत्मा एक कीडे मकोडे में है, वही आत्मा स्वर्ग के इन्द्र में है, और वही आत्मा तीर्थंकर और सिद्ध भगवान में भी है । अर्थात सभी का आत्मस्वरूप एक समान है । जैसा मैं हुं, वैसा ही दूसरा है, वैसा नहीं वही है, मेरे में और सामनेवाले में कोई भेद नहीं, यह बात अगर फिट हो जाती है तो सारा संसार अपना लगने लगता है ।

प्रेम की पराकाष्टा-भगवान महावीर घर छोडकर निग्रंथ भिक्षु बने तब उनके पास कौनसा भौतिक वैभव था ? फिर भी संसार वर्षो बाद आज भी उन्हें श्रद्धा के साथ स्मरण-पूजा करता है, क्योंकि उनकी आत्मा में प्राणी मात्र के प्रति प्रेम की अखंड धारा बहती थी । जगत कल्याण का, प्रेम का कितना व्यापक रूप उनकी आत्मा में भरा हुआ था, यह केवल इस श्लोक से ही प्रमाणित हो जाता है, जो भगवान के एक उत्तराधिकारी शिष्य ने लिखा है ।

*शिवमस्तु सर्व जगतः, परहित निरता भवन्तु भूतगणा, दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥*

अर्थात-समस्त संसार का कल्याण हो, सभी मनुष्य एक दूसरे की भलाई करने में लगे रहे, सब के दोष नष्ट हो और जितने भी प्राणी है, जहाँ भी है, वे सुखी रहे ।

उन्हों ने दुष्टों और दुर्जनो के प्रति भी घृणा नहीं प्रेम का ही संदेश दिया है । उनका कहेना है कि सोना यदि गंदगी में पड़ा मिले तो क्या उसे नहीं लेना चाहिए ? हम सोना तो उठा लेते है, गंदगी साफ करके उसे तिजोरी में रख लेते हैं क्योंकि सोना गंदगी में भी अपवित्र नहीं होता उसी प्रकार कोई मनुष्य अज्ञानवश असत् कर्म करता है तो उसे ज्ञान से समजाकर सुधार सकते है, उसकी आत्मा तो शुद्ध ही है । यह द्रव्य दृष्टि ही शुध्ध आध्यात्मिक द्रष्टि है । प्राणीमात्र के प्रति समानभाव, समान स्नेह की धारा जो हमारे हृदय में पैदा होती है, वह प्राणी-प्राणी के हृदय को जोड़नेवाली है, यही प्रेमयोग की साधना है । इस भवसागर को पार करने के लिए हम सब को यह साधना, अध्यात्मिक साधना करनी ही पडेगी, आज नहीं तो कल !! संकलन : हीरावंती कमल देढिया ।

# ભોગી કે યોગી નહીં, ઉપયોગી બનો !

કોઈનું સારું થતું હોય અને એ ન જોવાય ત્યારે મનમાં કોઈ ખોડ છે એ નક્કી ! પોતાનું સારું થાય કે ન થાય પરંતુ અન્યનું કલ્યાણ થતું ન જોઈ શકનારા રોગી હોઈ શકે છે.

અન્યનું સુખ જોઈને વ્યક્તિ ત્રણ અવસ્થામાં મુકાય

૧) કોઈ જ અસર ન થાય    ૨) આનંદિત થાય    ૩) દુઃખી થાય

પહેલા નંબરની વ્યક્તિ એ સામાન્યજન છે. એવરેજ વ્યક્તિ છે. બીજા ક્રમાંકવાળો વ્યક્તિ એ સ્વસ્થતા ધરાવે છે. જ્યારે ત્રીજા ક્રમે રહેલી વ્યક્તિ રોગી છે. અન્યને થતો આનંદ જોઈ દુઃખી થતા રોગીઓનો કોઈ ઈલાજ ખરો ? સમડીની ઊડવાની ઝડપ જોઈને ચકલી ક્યારેય ડિપ્રેશનમાં આવી હોય તેવું જાણ્યું નથી. પરંતુ કેટલીક "બાહોશ વ્યક્તિ" સામે ચાલીને ડિપ્રેશન વહોરી લેતી હોય છે. અન્યનો બંગલો જોઈ પોતાનું બે ઓરડાનું ઘર જોઈ હતાશ થનારાઓની સંખ્યા ઓછી નથી. ધીરે ધીરે આ હતાશા ઈર્ષામાં પરિણમતી હોય છે. ઈર્ષાળુ વ્યક્તિને અને અસફળતાને નજીકનો સંબંધ રહેલો છે.

જેમ રોગી મળી રહે છે તેમ યોગી પણ મળી શકે. રોગી ખાબોચિયું છે તો યોગી ખળખળ વહેતી નદી જેવો પ્રવાહી છે. પ્રસન્ન છે, ઉત્સાહી છે. રોગી તોડવાનું તો યોગી જોડવાનું કામ કરે છે. અન્યને પ્રસન્નતા પ્રદાન કરવાનું યોગીનું લક્ષ્ય હોય.

અન્યો માટે ઘસાઈ જવા વાળા યોગીઓ હોય છે. આવું એક યોગી ગ્રૂપ ગયા અઠવાડિયે પરિચયમાં આવ્યું જે **૧૦૮** ના નામથી ઓળખાય છે. ચાલીસ-પચાસ તરવરિયા યુવાનોનું આ ગ્રૂપ ઉપયોગી કાર્યો કરવા તત્પર છે. તેમણે પોતાનાં મોબાઈલ નંબર વહેતા કર્યા છે. જરૂરિયાતવાળા તેમનો ઉપયોગ કરે છે. જેમાં બ્લડની જરૂર હોય, અશક્તને હોસ્પિટલ લઈ જવાના હોય, દવાની જરૂર હોય, દવા માટે પૈસાની જરૂર હોય, એકાકી જીવન ગાળતાં વૃદ્ધને ટિફિન પહોંચાડવાનું હોય, ઘાયલ પશુ-પક્ષીને સારવાર આપવાની હોય, એકાકી જીવન ગાળતી વૃદ્ધાનું લાઈટબિલ ભરવાનું હોય, તો ૧૦૮ ના ગ્રૂપનો સહજતાથી સંપર્ક કરાય છે. અને પ્રસન્નતાપૂર્વક યુવાનો કામ પાર પાડે છે. ૧૦૮ના યુવાનો જે તે સ્થળે પહોંચી જાય છે અને તે વ્યક્તિને ઉપયોગી થવાનો આનંદ વ્યક્ત કરે છે. આ તમામ સેવા તદ્દન મફત (ફ્રી) આપીને યુવાનો સમાજને ઉપયોગી થાય છે. તેઓ કહે છે અમારે ભોગી કે યોગી નથી થવું, સમાજને ઉપ-યોગી થવાય એ જ બસ છે. વિવેકાનંદજી કહેતા કે, જનસેવાથી મોટી બીજી કોઈ સેવા હોઈ ન શકે. અન્યોને મદદ કરવા તત્પર રહેવું, લોભ, લાલચ કે સ્વાર્થ વગર કાળજીપૂર્વક તે કામ કરવું એ સરેરાશ મનુષ્યના જીવન કરતાં એક વેંત ઊંચું છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે, પરિશ્રમની સાથે સમજણ ભળે. આજે સ્વાર્થ વગર તણખલું પણ ન ઉપાડનારો માણસ કોઈ અજાણ્યાની મુશ્કેલીમાં દોડી જાય ત્યારે થતું આશ્ચર્ય અસ્થાને નથી. મારું શું ? અને મારે શું ? ના આ યુગમાં પોતાનો રોટલો શેકનારાઓને બીજા માટે વિચારવાનો સમય જ નથી. જાણીતા દાર્શનિક એકહાર્ટ લખે છે. સમગ્ર જીવન દરમિયાન જો તમે, એક જ વખત પ્રાર્થના કરો અને ઈશ્વરને થેન્ક યુ કહો તો તે પણ પૂરતું છે. જીવનમાં થેન્ક યુ કહેવાનો અવસર છોડવા જેવો નથી. ઘસાઈને ઉજળા થવાનું ૧૦૮ના ગ્રુપે સ્વીકાર્યું છે. પ્રભુને થેન્ક યુ કહેવાનો આનાથી રૂડો અવસર ક્યો ? બીજાને મદદ કરીને થતો આનંદ શબ્દાતીત છે. પોતાના માટે બધાજ જીવે અન્ય માટે કંઈક કરવાની ભાવના જાગવી એ પ્રભુનો પ્રસાદ છે. આ પ્રસાદ સૌના નસીબમાં ક્યાંથી ?

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫,
પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનો આયોજન થાય છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન થાય છે. વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર નકરો છે. આવા સુંદર આયોજનનો લાભ જરૂરથી લેશો તથા અન્યોને પણ લાભ લેવા અનુમોદિત કરશો.

વિશેષમાં માર્ચ ૨૦૧૬ ની મેડચલ તીર્થ યાત્રા ત્રીજા રવિવારે ન રાખતા ગુરૂવાર તા. ૨૪ માર્ચ ૨૦૧૬ ના ધુળેટીના દિવસે રાખવામાં આવેલ છે. કારણકે તે દિવસે મેડચલ તીર્થ ક્ષેત્રે શ્રી ભોમીયાજી દાદાનો મહાપૂજન રાખેલ છે તથા મેડચલ ટ્રસ્ટીમંડળનું આપણા શ્રી સંઘને પધારવા ખાસ આગ્રહભર્યુ નિમંત્રણ આપેલ છે. માટે વધારે થી વધારે સંખ્યામાં જોડાઈ શ્રી ભોમિયાજી દાદાના મહાપૂજન નો લાભ લેશોજી.

શ્રી સંઘના દશાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં આયોજીત અનેક કાર્યક્રમમાં આજીવન સભ્યપદની નોંધણી પૂરજોશમાં ચાલુ છે. આપશ્રી હજી સુધી આજીવન સભ્ય ન બન્યા હોતો રૂા. ૫૦૧/- ભરી શ્રી સંઘના આજીવન સભ્ય બનવા આગ્રહભરી વિનંતી છે. આજીવન સભ્યને શ્રી કુલપાકજી તથા મેડચલ તીર્થ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

રવિવાર તા. ૧૪ ઑગસ્ટ ૨૦૧૬ તથા સોમવાર તા. ૧૫ ઑગસ્ટ ૨૦૧૬ (સ્વતન્ત્રતા દિવસ) બે દિવસ ની રજા આવે છે. તે સમયે શ્રી ભાંડકજી તીર્થ યાત્રાનો આયોજન કરવામાં આવેલ છે. શનિવાર તા. ૧૩-૮-૨૦૧૬ ના પ્રસ્થાન કરી ૧૪ ઑગસ્ટના ભાંડકજી પહોંચશુ તથા બે દિવસ સુંદર આરાધના કરી તા. ૧૫ મીના રાત્રે ત્યાંથી રવાના થઈ ૧૬મી ના સવારના પાછા ફરશું. જો શક્ય હશે તો આજુબાજુની પંચ તીર્થ કરવાનું પ્રયત્ન કરશું. ચાર મહિના પહેલા રેલ્વેની ટિકીટ બુક થાય છે માટે તા. ૧૦ એપ્રીલ ૨૦૧૬ સુધી નકરાના રૂા. ૧૦૦૦/- ભરી નામો સંચાલક પાસે નોંધાવશો. (નામ, ઉમર તથા ફોન નંબર સાથે) આ તીર્થ યાત્રાના સફળ આયોજનથી દશાબ્દી વર્ષ નિમિત્તે અનેક કાર્યક્રમ નો આયોજન કરવા પ્રેરણા મળશે. માટે આપશ્રીના સાથ-સહકાર શ્રી સંઘના પ્રગતીમાં સહાય રૂપ થશે.

*શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના*
*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ

હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (મું.)